GJNV010003832026

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૨૮ – ૦૨ – ૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | : | ૨૮ – ૦૨ – ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯ – ૦૩ – ૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | ૦૦ | ૦૦ | ૦૯ |

## નવસારી જિલ્લાના મે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ નવસારી. જિ.નવસારી

**ફોજદારી પરચુરણ જામીન અરજી નં. ૨૫૨/૨૦૨૬**
(નવસારી સાયબર ક્રાઈમ પો.સ્ટે.પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૪૨૬૦૦૦૪/૨૦૨૬)

**આંક – ૯**

<u>અરજદાર</u> :– **પંકજસિંઘ ઓમપ્રકાશ રાજપુત,**
ઉ.આ.૨૮ વર્ષ, ધંધો : નોકરી,
રહેવાસી : ૨૧૬, વડાતળાવ, વિજયબાગ,
ગણદેવી, તા.ગણદેવી, જિ.નવસારી.

<u>વિરુધ્ધ</u>

<u>સામાવાળા</u> :– **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**અરજ** :– <u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ ની જોગવાઈ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે...</u>

=======================================

અરજદાર તરફે વિ.વ. **શ્રી એ.યુ. સોલા**
સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી ટી.સી. સુળે.**

=======================================

## –:: જજમેન્ટ ::–

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે કરેલ છે.

(૨) અરજદાર/આરોપી વિરુધ્ધ નવસારી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને પાર્ટ–એ ગુના રજી. નંબર : ૧૧૮૨૨૦૨૪૨૬૦૦૦૪/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટ–૨૦૦૦ ની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ અને સદરહુ ગુનાના કામે અરજદાર/આરોપીની અટક કરવામાં આવેલ છે અને હાલ તેઓ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ, જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજ કરેલ છે.

(૩) સદર અરજી રજૂ થતા સરકારશ્રીને નોટિસ પાઠવવામાં આવેલી, જેના અનુસંધાને સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી ટી.સી. સુળે નાઓ હાજર થયેલા છે અને તેઓ મારફતે આંક–૫ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજૂ કરેલ છે.

(૪) અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી એ.યુ. સોલા નાઓએ હાજર થઈ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીનું નામ ખોટી રીતે સંડોવી દીધેલ છે, અરજદાર/આરોપીએ કોઈ સાયબર ફ્રોડ કરેલ નથી. અરજદાર/આરોપી વિરુધ્ધ કોઈપણ વ્યકિતએ ફરિયાદ કરેલ નથી. હાલ અરજદાર/આરોપીની તબીયત ખરાબ હોય દવા ચાલુ છે અને તેમની ઉંમર માત્ર ૨૮ વર્ષ છે. અરજદાર/આરોપીની તારીખ : ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે. ત્યારબાદ, અરજદાર/આરોપીને હકૂમત ધરાવતી કોર્ટમાં પોલીસ ધ્વારા રજૂ કરવામાં આવતા, વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યિલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીની પોલીસ તપાસના કામે હાજરીની કોઈ આવશ્યકતા નથી. અરજદાર/આરોપી તેમની અરજીમાં જણાવેલ સરનામે રહેતા આવેલા છે. વધુમાં, અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ નામદાર ઉચ્ચ અદલત તથા નામદાર વડી અદાલતના જજમેન્ટસ રજૂ કરેલ છે. જેમા નં.(૧) The Hon'ble Apex Court in the of State of Orissa vs Mahimananda Mishra, reported in AIR 2019 SC 302. નં.(૨) 2012 (1) SCC 40 Sanjay Chandra vs C.B.I. નં.(૩) (2012) 4 SCC 134 Dipak Shubhash Chandra Mehta vs C.B.I. અને (૪) Menino Lopes vs State of Goa. જો,

અરજદાર/આરોપીની જામીન અરજી મંજૂર કરવામાં આવે તો તેઓ કશે નાસી, ભાગી જનાર નથી કે સાક્ષીને ટેમ્પર કરનાર નથી. નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૫) સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી ટી.સી. સુળે નાઓએ હાજર થઈ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ ગઈ તારીખ : ૧૨/૧૨/૨૦૨૫ થી તારીખ : ૨૪/૦૧/૨૦૨૬ દરમ્યાન મોબાઈલ પર મુકેશસિંઘ તરીકે ઓળખ આપી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ઠગાઈ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરુ રચી ફરિયાદીની દુકાને આવી સ્કેનર લગાવી ફરિયાદી પાસે તેઓનુ તથા તેમની પત્નીનું એ.ટી.એમ. તથા આધાર કાર્ડ લઈ ફરિયાદીની આઈ.ડી.બી.આઈ. બેંક એકાઉન્ટ નંબર : 1033102000006361 માંથી તથા આઈ.સી.આઈ.સી.આઈ. બેંક એકાઉન્ટ નંબર : 102201537326 માં તથા Airtel payment Bank એકાઉન્ટ નંબર : 8928685970 માંથી તેઓની જાણ બહાર અલગ અલગ તારીખે, ટુકડે ટુકડે ઓનલાઈન રૂ.૧,૪૪,૫૯૯/- ટ્રાન્સફર કરેલ. જે રૂપિયા પરત અરજદાર/આરોપીએ તેમના જીજાજી પાસેથી પોતાના એકસીસ બેંકના બેંક એકાઉન્ટ નંબર : 921010056646161 માં પરત મેળવી લઈ ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો આરોપ છે. વધુમાં, અરજદાર/આરોપીએ તેમના જીજા સંદીપસિંઘ સભાજીત સિંઘના બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરતા હોય અને તેમના સગા જીજા થતા હોય તેમ છતાં તેમના વિશે કોઈ માહિતી જણાવેલ નથી. વધુમાં, નવસારીના વિ. ચીફ જયુડિ.મેજિ. સાહેબશ્રીની કોર્ટમાં સદર ગુનાના કામે અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ છે. સમાધાન કરવાથી અરજદાર/આરોપીને જામીન પર છોડી શકાય નહી. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીથી આવ પ્રકારના ગુનાઓ કરે અથવા કરાવશે તેવી શકયતા રહેલી છે તેમજે તેમજ અરજદાર/આરોપી નાસી, ભાગી જશે અને વોન્ટેડ આરોપીઓને ભગાડી દેશે અને ફરિયાદી સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન ધાક, ધમકી આપી ફ્રેરવી તોડી કેસને નુકશાન પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેમજ સદર કેસની ટ્રાયલ સમયે અરજદાર/આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેશે નહી અને ફરીથી આવા પ્રકારના ગુના આચરે તેવી પૂરેપુરી શકયતા રહેલી હોઈ સદરહુ હકીકતને ધ્યાનમાં લેતા જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૬) બંને પક્ષકારોની રજૂઆત, તપાસ કરનાર અધિકારી ધ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામુ,

ફરિયાદની હકીકત તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ ગઈ તારીખ : ૧૨/૧૨/૨૦૨૫ થી તારીખ : ૨૪/૦૧/૨૦૨૬ દરમ્યાન મોબાઈલ પર મુકેશસિંઘ તરીકે ઓળખ આપી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ઠગાઈ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરુ રચી ફરિયાદીની દુકાને આવી સ્કેનર લગાવી ફરિયાદી પાસે તેઓનુ તથા તેમની પત્નીનું એ.ટી.એમ. તથા આધાર કાર્ડ લઈ ફરિયાદીની આઈ.ડી.બી.આઈ. બેંક એકાઉન્ટ નંબર : 1033102000006361 માંથી તથા આઈ.સી.આઈ.સી.આઈ. બેંક એકાઉન્ટ નંબર : 102201537326 માં તથા Airtel payment Bank એકાઉન્ટ નંબર : 8928685970 માંથી તેઓની જાણ બહાર અલગ અલગ તારીખે, ટુકડે ટુકડે ઓનલાઈન રૂા.૧,૪૪,૫૯૯/– ટ્રાન્સફર કરેલ. જે રૂપિયા પરત અરજદાર/આરોપીએ તેમના જીજાજી પાસેથી પોતાના એકસીસ બેંકના બેંક એકાઉન્ટ નંબર : 921010056646161 માં પરત મેળવી લઈ ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો આરોપ છે. તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતા અરજદાર/આરોપી ભૂતકાળમાં કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી તેમજ એફ.આઈ.આર. માં જણાવેલ વિગતો ધ્યાને હાલના ગુનાની મોટાભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ જણાય છે. અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન પણ પૂર્ણ થઈ ગયેલ છે. અરજદાર/આરોપીએ તપાસમાં સહકાર આપેલ ન હોય કે તપાસના કામે અરજદાર/આરોપીની જરૂરીયાત હોય તેવુ તપાસના કાગળો પરથી જણાય આવતુ નથી. વધુમાં, સદર રેકર્ડસ વંચાણે લેતા ફરિયાદ પક્ષે ફરિયાદીએ / ભોગ બનનારે આંક–૮ થી રજૂ થયેલ સોગંદનામામાં જાહેર કરેલ છે કે, બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને ફરિયાદીને તેઓની રકમ મળી ગયેલ છે. જેથી સદર ફરિયાદમાં પંકજસિંઘ ઓમપ્રકાશ રાજપુતને આરોપી તરીકે લખાવેલ હતુ પણ હવે આ બનાવમાં ફરિયાદીને કોઈપણ જાતની તર–તકરાર નથી કેસ આગળ ચલાવવા માંગતા નથી અને સાક્ષી તેમજ ફરિયાદીને તથા અરજદાર/આરોપી પંકજસિંઘ ઓમપ્રકાશ રાજપુત વચ્ચે કોઈપણ જાતની તર–તકરાર ન હોવાનું જાહેર કરતા હોય તે સંજોગોમાં અરજદાર/આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, કેસના પરિબળો તથા આગળની તપાસ માટે અરજદાર/આરોપીની હાજરીની જરૂરીયાત હોય તેમ જણાતુ નથી તેમજ અરજદાર/આરોપીને જામીન મુકત કરવાથી તપાસને કોઈ વિપરીત અસર થાય તેમ નથી. તપાસના કાગળો ધ્યાને લેતા અરજદાર/આરોપીની તારીખ : ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યિલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી નવસારી જિલ્લાના રહેવાસી હોય કેસની ટ્રાયલ દરમ્યાન ઉપલબ્ધ

રહે તે માટે અરજદાર/આરોપીને કેટલીક કડક શરતોને આધારે જામીન મુકત કરવામાં આવે તો તેઓની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત થઈ  રહે તેવી શકયતા જણાઈ આવે છે. સદર કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ છે. અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવાથી પ્રિટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ જણાય છે.

(૭) નામદાર સર્વોચ્ચ અદાલતે **Sanjay Chandra vs CBI (2012) 1 SCC 40,** ના કેસમાં નીચે મુજબ ઓબ્ઝર્વેશન કરેલ છે. : In bail applications, generally, it has been laid down from the earliest times that the object of bail is to secure the appearance of the accused person at his trial by reasonable amount of bail. The object of bail is neither punitive nor preventative. Deprivation of liberty must be considered a punishment, unless it is required to ensure that an accused person will stand his trial when called upon. The courts owe more than verbal respect to the principle that punishment begins after conviction, and that every man is deemed to be innocent until duly tried and duly found guilty.

(૮) આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ કેસના ગુણદોષની વિશેષ કોઈ ચર્ચા કર્યા સિવાય ફરિયાદીની ફરિયાદ, અરજદાર/આરોપીનો ગુનામાં ભજવેલ રોલ, અરજદાર/આરોપીના માનવ અધિકારો, જામીન અરજી અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો, ફરિયાદી/ભોગ બનનારે રજૂ કરેલ આંક-૮ થી સોગંદનામું, પોલીસ તપાસના પેપર્સ તથા તપાસ કરનાર અમલદારશ્રીનું સોગંદનામું ધ્યાને લેતા હાલના તબકકે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય, ન્યાયી અને ઉચિત જણાતુ હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુ ક મ</u> ::-

અરજદાર/આરોપી **પંકજસિંઘ ઓમપ્રકાશ રાજપુત** નાઓની હાલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૨૫૨/૨૦૨૬ આથી '**મંજૂર**' કરવામાં આવે છે.

નવસારી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને પાર્ટ-એ ગુના રજી. નંબર : ૧૧ ૮૨૨૦૨૪૨૬૦૦૦૪/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧

(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટ–૨૦૦૦ ની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીને રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન નિયમિત જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ પોતાની સ્વતંત્રતાનો કોઈ ગેરલાભ લેવો નહિ અને કોઈ ગુનાહિત કૃત્યમાં સામેલ થવું નહિ.

(૨) અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેંડા કરવા નહિ તથા સાહેદોને ધાક, ધમકી પ્રલોભનો આપી તોડવા કે ફોડવાનો પ્રયત્ન કરવો નહિ.

(૩) અરજદાર/આરોપીએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ મુદતે નિયમિત હાજર રહેવુ.

(૪) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૫) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન–૭ માં કરવું.

(૬) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી સબંધિત કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો.

જામીન ટ્રાયલ કોર્ટ સમક્ષ આપવા.

આ હુકમની જાણ સબંધે જરૂરી યાદી વિ. ટ્રાયલ કોર્ટને કરવી.

**આ હુકમ આજરોજ તારીખ : ૦૯ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**સહી/–**

તારીખ : ૦૯.૦૩.૨૦૨૬
સ્થળ : નવસારી.

**( મહેશકુમાર આર. ઠકકર)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, નવસારી.
(કોડ નં–જીજે ૦૦૯૬૩)